CITY Pulse
email: citypulse@gujaratmitra.in
શુક્રવાર ૧૪ માર્ચ, ૨૦૨૫ ૭
ગુજરાતમિત્ર







## પ્રિન્સ અશોક રાજે ગાયકવાડ સ્કૂલ અને દેવ્યાની રાજે ગાયકવાડ સ્કૂલમાં અનોખી ઉજવણી

# “ઇકો ફ્રેન્ડલી અને આયુર્વેદિક હોળી” ના તહેવારની ઉજવણી

### બિન ઉપયોગી 500 કિલો ફૂલોની પાંખડી છૂટી પાડી “ઈકો ફ્રેન્ડલી રંગોત્સવ” ઉજવવામાં આવ્યો

પ્રિન્સ અશોક રાજે ગાયકવાડ સ્કૂલ અને દેવ્યાની રાજે ગાયકવાડ સ્કૂલ દ્વારા મંગળવારે સવારે 11:00 કલાકે “ ઈકો ફ્રેન્ડલી રંગોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના પટાંગણમાં આવેલ શ્રી “ શ્રી મંદિર “ ના પરિસરમાં “ ઈકો ફ્રેન્ડલી “ હોળી રમવામાં આવી હતી. જેમાં શાળાના 400 જેટલા વિદ્યાર્થીઓ અને 100 શિક્ષકો દ્વારા હોળીના ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. ખાસ કરીને જે ફૂલોનો ઉપયોગ ભગવાને ચડાવવામાં આવતો નથી એવા બિન ઉપયોગી 500 કિલો જેટલા ફૂલો બજારમાંથી લાવીને તેની પાંખડી છૂટી પાડીને “ ઈકો ફ્રેન્ડલી રંગોત્સવ “ ઉજવવામાં આવ્યો.

હોળીની સાત્વિક અને પરંપરાગત રીત ભાતનો પ્રત્યક્ષથી અનુભવ બાળકોને કરાવવા માટે ખજૂર, ધાણી, ઘેવર તેમજ ઈકો ફ્રેન્ડલી રંગો કે જેને કાઢવા માટે બિલકુલ પણ પાણીનો ઉપયોગ થતો નથી એવા રંગો દ્વારા હર્ષ ઉલ્લાસથી રંગોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓ દ્વારા રંગોત્સવ નિમિત્તે નૃત્યગાન સહિત હોળીને લગતા ગીતો પણ ગાવામાં આવ્યા હતા અને હર્ષો ઉલ્લાસથી હોળીની ઉજવણી કરવામાં આવી. આ સાથે આયુર્વેદિક દ્રવ્યો જેવા કે કપૂર , ગૌમૂત્ર , છાણા , નાગરમોથ ,જટામાસી વગેરે જેવા 40 જેટલા દ્રવ્યોને હોલિકા દહનમાં ઉપયોગ કરી વાતાવરણ શુદ્ધિકરણના હેતુથી આયુર્વેદિક હોલિકા દહન “ કરવામાં આવી.











**“ઇકો ફ્રેન્ડલી રંગોત્સવ” અને વૈદિક હોળી ઉજવો અને પર્યાવરણ બચાવો**

આ હોળીના પર્વની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ્ય “ઇકો ફ્રેન્ડલી રંગોત્સવ” અને “આયુર્વેદિક હોલિકા દહન”દ્વારા પાણી બચાવોનો સંદેશો ફેલાવવાનો તેમજ વાતાવરણની શુદ્ધિ તેમજ પરંપરાગત હોળીની ઉજવણી કરી કાચીવયમાં ગળથૂથીના જ્ઞાન મેળવે અને નવી પેઢી તહેવારોની ઉજવણી સાથે સાથે પર્યાવરણની જાળવણી કરે તે હતો.

## વડોદરાની MSUમાં ધુળેટી પર્વની ઉજવણી કરતા વિદ્યાર્થીઓ





હુ ભરી લાવુ રંગની મુઠ્ઠી, તુ લઇ આવજે કોરુ મન,
કેસુડાના ફૂલની સાખે, મનડુ બનશે વૃંદાવન

## વડોદરાના કલાકારે વિશ્વામિત્રી નદીની દુ:ખ ભરી વાર્તાને ચિત્રમાં કંડારી

### વિશ્વામિત્રીના જળચર જીવો જોખમમાં



વડોદરા શહેરની વચ્ચેથી વહેતી ઐતિહાસિક વિશ્વામિત્રી નદીમાં ગત ઓગસ્ટમાં પૂર બાદ શહેરમાં થયેલી તારાજી બાદ તેને લઈને વિશ્વામિત્રી ની સફાઇ,તેને ખુલ્લી કરવાની કામગીરીને કારણે ચર્ચામાં રહી છે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓએ નદીને સુંદર બનાવવાનું કામ હાથમાં લીધું છે થોડાક સમય અગાઉ નદીની અંદરના મગરો તથા જળચર જીવોને શિફ્ટ કરવાની વાત પણ ચાલી હતી તે દરમિયાન એક કવિની કવિતા પરથી પ્રેરણા લઈને શહેરના એક કલાકારે નદીમાં રહેતા મગર અને કાચબા જેવા જળચર અને સરિસૃપ જીવોને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તે માટે એક ચિત્ર તૈયાર કરીને તંત્ર તથા શહેરના નાગરિકોને સંદેશ આપવાનો પ્રયાસ કર્યો છે. શહેરની વચ્ચેથી વહેતી લોકમાતા વિશ્વામિત્રી નદીમાં મોટી સંખ્યામાં મગરો છે. શહેર વચ્ચેથી પસાર થતી લોકમાતા વિશ્વામિત્રી નદીમાં લોકોએ ગંદા ડ્રેનેજના દૂષિત પાણી છોડતાં તથા કચરો નાખી ડમ્પીંગ થકી દબાણો કરતાં એક મોબાઈલ સમયની શુધ્ધ અને પવિત્ર ગણાતી વિશ્વામિત્રી નદી ની ખૂબ જ ખરાબ હાલત થઈ છે. પરંતુ એક માતાની સામે તેના સંતાનોના જીવનના અસ્તિત્વ પર ખતરો ઉભો થયો છે જેને લઈને એક માતા દુ:ખી થઈ તેની આંખો અને આત્મા રડી રહી છે તે ભાવને દર્શાવતું ચિત્ર શહેરના કલાકારે તૈયાર કર્યું છે જેના થકી શહેરીજનો અને શાસકપક્ષના નેતાઓની નદી પ્રત્યેની જવાબદારી સમજાવવાનો એક પ્રયાસ કરવામાં આવ્યો છે.

## VYO વડોદરાના વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારની નિશ્રામાં હોળીની ઉજવણી

# હજારો ભાવિકજનો ફૂલ ફાગ રસિયા ની રમઝટમાં રસતરબોળ બન્યા



કલા અને સંસ્કારીનગરી વડોદરાના આંગણે વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન (VYO) વડોદરાના તત્વાવધાનમાં VYO નોર્થ ઈસ્ટ વુમન વિંગ એવમ નોર્થ ઝોન દ્વારા શ્રીવલ્લભકુલભુષણ વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારજીના મંગલ સાનિધ્યમાં વસંતના વાસંતી રંગોને વધાવવા “હોલી રસિયા સંગ ફૂલ ફાગ ઉત્સવ”નું ભવ્ય આયોજન આજે શહેરના છાણી રોડ સ્થિત ઉમા પાર્ટી પ્લોટ ખાતે સંપન્ન થયું હતું. વ્રજ પ્રસિદ્ધ પારંપરિક રસિયાના સુરાવલીની રમઝટ જામી હતી જેમાં ઉપસ્થિત હજારો ભાવિકજનો રસતરબોળ બનીને ઝૂમી ઉઠ્યા હતા. આજ બીરજ મેં હોળી રે રસિયાના ગાન થી સમગ્ર માહોલ ભક્તિમય થઈ ગયો હતો.વસંત વિહારી શ્રીકૃષ્ણ પ્રભુની દિવ્ય લીલાઓના સ્મરણ ની સાથે આનંદ પ્રેમ અને સમરસતા ના રંગોની ઉજવણીને સાકાર કરતો હોળી રસિયા ઉત્સવ માં શહેરના સન્માનિય રાજકીય અગ્રણી મહાનુભાવો સાથે સામાજિક, ઔદ્યોગિક, શૈક્ષણિક તથા આરોગ્ય ક્ષેત્રના શ્રેષ્ઠજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમમાં સાંસદ તથા VYO વડોદરા પ્રમુખ શ્રી ડો.હેમાંગ જોષી તથા ધારાસભ્ય સહીત અનેક રાજકીય અગ્રણીઓ સવિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ તબક્કે ઈન્ટરનૅશનલ વુમન્સ ડે નિમિત્તે સામાજિક ઉત્કૃષ્ઠ યોગદાન બદલ શહેરના મહિલા પ્રતિભાઓનું પણ સન્માન સંપન્ન થયું હતું. બસંતબિહારી શ્રીકૃષ્ણપ્રભુની દિવ્ય અલૌકિક લીલાઓના આનંદ સંગ વ્રજ વૃંદાવનની હોલી રસિયાનો આનંદ માણવા હજારો ભાવિકજનો ફૂલ ફાગ અને રસિયાના આનંદમાં ભાવવિભોર બન્યા હતા.





શ્રીકૃષ્ણ પ્રભુની દિવ્ય લીલાઓના સ્મરણની સાથે આનંદ પ્રેમ અને સમરસતાના રંગોની ઉજવણીને સાકાર કરતો હોળી રસિયા ઉત્સવ